वर्ष : १५ सने : २०२० सं.२०७६
अंक : १२, સળંગ અંક-९७ अषाढ -जून

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૫ સને ૨૦૨૦ સં.૨૦૭૬

અંક : ૧૨ અષાઢ/જૂન સળંગ અંક-૯૭



**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ ચારિત્રરત્ન પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

ફોન : (R) 26650626

(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ પૂજ્યપાદ ગુરુદેવશ્રીજીની કલમે...

★ વિનયના પાયા ઉપર ઇમારત, શૂન્યથી સિદ્ધિ-૩

★ લઘુકથા

★ પત્ર પ્રેરણા

★ અનુમોદનાનો અમૃતથાળ


## આર્ષવાણી

**वसुधाभरणं पुरुषः,**

**पुरुषाभरणं प्राधानतरा लक्ष्मीः ।**

**लक्ष्म्याभरणं दानं,**

**दानाभरणं सुपात्रञ्च ।।**

પૃથ્વીનું આભૂષણ પુરુષ - માનવ છે. માનવનું આભૂષણ લક્ષ્મી છે. લક્ષ્મીની શોભા દાન છે. દાનનું આભૂષણ સુપાત્ર છે.

**એપ્રીલ તથા મે મહીનામાં લોકડાઉન હોવાથી અંક પોસ્ટ કરેલ નથી.**

જ્ઞાની ભગવંતોએ જિનભવન-જિનપ્રતિમા, આગમ અને ચતુર્વિધ સંઘઃ એમ સાત પ્રકાર સુપાત્રના બતાવ્યા છે.





**- 'ઝેર ખાઈ ગયો ને મરી ગયો.. એમાં મરનારનો નહિ, ઝેરનો દોષ (ગુનો) ગણી શકાય પરંતુ દૂધપાક ખાઈને મરી જાય તો મરનારનો દોષ ગણાય, દૂધપાકનો નહીં. તે જ રીતે ધર્મસામગ્રી જ ન મળી ને દુર્ગતિમાં ગયો તે સામગ્રીનો દોષ ગણાય, વ્યક્તિનો નહીં... પરંતુ સામગ્રી મળવા છતાં દુર્ગતિમાં જાય તો સામગ્રીનો નહિ, વ્યક્તિનો જ દોષ ગણાય.'**

**- પૂ.ગુરુદેવ આ.ભ. શ્રીમદ્ વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**વિવેચન :** આંધળો માનવ ક્યાંય પણ અથડાય તો કોઈ તેને દોષ નતી દેતું પરંતુ દેખતો માનવ અથડાય - ભીટકાય તો ચોક્કસ એ માનવને જ દોષ દે છે. પાગલ માનવ ગમે તેમ બોલે, લવારી કરે, કપડાં ગમે તેવાં પહેરે, નાગોય ફરેતો તે પાગલતાનો દોષ ગણાય છે, પાગલ વ્યક્તિનો નહીં...

કારણ, અંધને દેખાતું જ નથી. સાવધાની સાથે ચાલવા છતાં અથડાવાની સંભાવના નકારી શકતી નથી, માટે તેગુનેગાર નથી બનતો.. તેનું અંધત્વ જવાબદાર ગણાય છે. દેખતો માનવ સામાન્ય ટકરાય તોય ગુનેગાર બને છે. એમાં કારણ સ્પષ્ટ છે. આંખ હોવા છતાં તેનો સુયોગ્ય ઉપયોગ નથી કરતો.. ઉપયોગ પૂર્વક નથી ચાલતો.. ડાફોડિયાં મારે છે, માટે જ એ વ્યક્તિ ચોક્કસ ગુનેગાર ગણાય છે, સજાને પાત્ર બને છે.

આ જ રીતે પૂ.ગુરુદેવની નોંધપોથીમાં જણાવ્યું છે કે ઝેર ખાનારો મરી જાય.. ઝેર ખવાઈ જાય ને મોત આવે તો ઝેરનો દોષ એટલા માટે ગણાય છે કે ઝેરનો એ વ્યક્તિને પરિચય ન હોતો. ઝેરની જાણકારી નહોતી. ઝેર માત્ર જાણકારને જ મારે એવું નથી. અજાણી વ્યક્તિને પણ મોત આપે છે. ઝેરની મારકતા એમાં જવાબદાર ગણાય છે.. પરંતુ દૂધપાક.. કે જે શરીરની તુષ્ટિ-પુષ્ટિ કરનાર છે.. તાકાત બક્ષનાર છે. આરોગ્યમાં વધારો કરનાર છે.. આવો દૂધપાક ખાનારો વચારે મરણને શરણ બને ત્યારે ગુનો કે જવાબદારી કોની ગણાય ? વાત સ્પષ્ટ સમજાય તેવી છે. દૂધપાક ખાનારો ક્યારે મરે ? જીવાડનારી વસ્તુ ક્યારે મારક બને ? કાંતો પ્રમાણનો ખ્યાલ રાખ્યા વગર ખાધે રાખ્યો છે, કાંતો ડાયાબિટીશ વગેરે તેવા પ્રકારની

બીમારી હોવા છતાં જીભ અને મનની ઈચ્છાને આધીન બનીને મોટી ગંભીર ભૂલ કરી દીધી છે; તો જ દૂધપાક પ્રાણઘાતક પુરવાર થાય.

અજાણ્યો - અજ્ઞાની માનવ ભૂલ કરે તો ક્ષંતવ્ય ગણી શકાય પરંતુ જાણકાર - જ્ઞાની ભૂલ કરે તો ક્ષમા ન જ આપી શકાય. સમાન્ય માનવી પ્રમાદ કરે તો એનું પરિણામ સામાન્ય આવે. મતલબ થોડું કર્મ બંધાય. અલ્પપીડામાં મુક્તિ મળી જાય પણ શાસ્ત્રો ભણેલા, ચૌદપૂર્વધર મુનિવર પ્રમાદ કરે તો સીધા નિગોદમાં ચાલ્યા જાય ! ક્યારે - કેટલા કાળે ત્યાંથી બહાર નીકળી શકે તે કહેવું મુશ્કેલ બની જાય. આનો અર્થ એ થયો કે જ્ઞાનીનો પ્રમાદ ઊંડી દુર્ગતિનું સર્જન કરે છે તે પણ દીર્ઘ સમય માટે...

નાનું બાળક, કે જે અજ્ઞાન છે, તે પથારીમાં પેશાબ કરે તો એને માફ કરવામાં આવે છે. મા એને પ્રેમથી કપડાં બદલાવી નાખે છે, નવાં કપડાં પહેરાવ છે. પથારી કપડાં ધોઈ નાંખે છે.. પરંતુ એ જ બાળક મોટું થાય.. સમજની ઉંમરમાં આવે... પછી પણ પથારીમાં જ પેશાબ કરે તો સગી મા પણ માફ ન જ કરે... આમાં કારણ માત્ર જાણકારી છે, જ્ઞાન - સમજણ છે. અર્થાત્ સમજણ આવ્યા પછી 'વિવેક' આવી જ જવો જોઈએ. વિવેક ન આવે તો એ જ્ઞાનની કિંમત શું ? એ જ્ઞાન તો કબાટમાં સંગ્રહી રાખેલાં અનાજનાં બીજ જેવું છે. એ બીજ ગમે તેટલું સારું છે. મબલખ પાક આપે એવું છે. એને ખેતરમાં, સુયોગ્ય ભૂમિમાં વાવવામાં ન આવે તો એ બીજ પડ્યું પડ્યું સડી જાય છે. કંઈજ કામમાં આવતું નથી. આખરે ફેંકી દેવું પડે છે !

જ્ઞાનની સાથે વિવેક પૂર્વકની ક્રિયા હોવી અત્યંત જરૂરી છે. જ્ઞાન વિનાની ક્રિયા પણ ન ચાલે, તેમ ક્રિયાવગરનું જ્ઞાન પણ ન ચાલે. માટે જ તો શાસ્ત્રકાર - ભગવંતે જણાવ્યું કે -'જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ' એક રથનાં બે પૈંડાં જેવી આ વાત છે. એક પૈંડા પર રથ ક્યારેય ન જ ચાલી શકે, જ્ઞાનવિનાની કિયા શુદ્ધ ન બની શકે અને ક્રિયાવગરનું જ્ઞાન ફળ ન આપી શકે... તેથી બંને જરૂરી છે. હા, 'પઢમં નાણં તઓ દયા' વગેરે આગમસૂત્રો પાયામાં જ્ઞાનની જરૂરિયાત પર ભાર મૂકે છે.



હાથ-પગમાં ગમે તેટલું બળ હોય.. ગમે તેટલી ચપળતા હોય.. પરંતુ તરવાનું જ્ઞાન ન હોય તો તે ડૂબી જ જાય.. તે જ રીતે તરવાનું જ્ઞાન ગમે તેટલું મેળવ્યું હોય.. જાણકારી સારામાં સારી હોય... પરંતુ હાથ - પગ હલાવવાની ક્રિયા જ ન કરે તો ? તોય ન જ તરી શકે, ડૂબી જ જાય... આવાં તો ઘણાં દૃષ્ટાંતો વિચારી શકાય.. આના પરથી એ ફૂલિત થાય છે કે - બંનેને પરસ્પર સાપેક્ષભાવે જરૂરી માનવા-સમજવાનાં છે. એકને પણ ગૌણ કરી શકાય તેમ નથી.

દૂધપાક પૌષ્ટિક - આયુષ્યવૃદ્ધિ કરનારો હોવા છતાં એના માટે સુયોગ્ય જ્ઞાન અને સુયોગ્ય ક્રિયાનો સુમેળ જરૂરી હોય છે. યોગ્ય સુમેળ લાભ કરાવે છે. અયોગ્ય સુમેળ કે ઉપયોગ નુકશાન કારક - પ્રાણઘાતક પુરવાર થાય છે. વાચકો આ વિષયને બરાબર સમજી જ્ઞાન-ક્રિયાનો સુમેળ સાધી, ભવજલ તરી મુક્તિનગર પહોંચે; એ જ મંગલકામના. - **વિજયભવ્યદર્શનસૂરિ.** ધ

## ★ વિનયના પાયા ઉપર ઇમારત, શૂન્યથી સિદ્ધિ-૩ ★★★

**- શ્રીધર્મમિત્ર**

જમીન ઉપર માત્ર ગ્રાઉન્ડ ફ્લોર જ બાંધવાનો હોય તોય પાયો તો હોવો જરૂરી જ છે. એક જ માળ માટે ય ઓછામાં ઓછો ૩-૪ ફૂટનો પાયો હોવો આવશ્યક ગણાય છે. અરે ! માત્ર કંપાઉન્ડવોલ બનાવવાની હોય તોય પાયો ભરવો અનિવાર્ય ગણાય છે. જ્યાં ઉપર માળ નથી લેવાના.. જ્યાં વધારે બોજ નથી લાદવાનો, ત્યાંય પાયો અનિવાર્ય ગણાતો હોય તો અનંતગુણોની ઈમારત ઊભી કરવાની હોય તો પાયો કેવો ઊંડો અને મજબૂત હોવો જોઈએ ? વળી, ઇંટોના પાયા ઉપર મોટાં બિલ્ડીંગ બનાવવામાં જોખમ ગણાય છે ત્યાં આર સી.સી. કે પત્થરના પાયા બનાવાય છે; કારણ ઇંટો કરતાં તે બંનેની મજબૂતાઈ અને આયુષ્ય (આવરદા) બંને વધુ ગણાય છે.

આ પાયા પણ દીવાલો જેટલા જાડા નથી બનાવતા.. તે દીવાલો કરતાં લગભગ દોઢા-ડબ્બલ જાડા ભરાવાતા હોય છે. નીચેથી શરૂઆત થાય ત્યાં તો વળી ઘણા પહોળા હોય છે. પછી ધીમે ધીમે ઉપર આવતાં સાંકડા બનાવાતા હોય

છે. પરંતુ દીવાલ કરતાં તો પાયા જાડા જ હોવા જોઈએ; આ વાત તો તમામ આર્કિટેક્ટ, એન્જીનિયર, કોન્ટ્રાક્ટર, સલાટ - કારીગર વગેરે બધા જ સ્વીકારે છે. એમાંય આર.સી.સી. ના પાયામાં સ્ટીલ કેટલું ? કેવું ? (સળિયાની જાડાઈ - સંખ્યા વગેરે) વાપરવું તે પણ નક્કી થતું હોય છે. હમણાં હમણાં તો નકશાની સાથે સ્ટીલ ડિઝાઈન પણ મૂકવી ફરજિયાત થઈ ગઈ છે. તો જ નકશા પાસ થાય છે. સ્ટીલની ડિઝાઈનમાં કે ગેજ વગેરેમાં ગરબડ હોય તો નકશા રિઝેક્ટ (નાપાસ) થાય છે.

અધ્યાત્મના માર્ગમાં પણ ઈમારત ઊભી કરવાની વાતમાં પાયા વગેરેનો વિચાર કરવો ફરજિયાત છે. તે વગર મકાનમાં રહેનારની સુરક્ષામાં જોખમ રહે છે. એ જોખમ એટલે સખ્ત મહેનત કરીને મેળવેલા - ઊભા કરેલા ગુણોની હાનિ. હંમેશા ઊભું કરવામાં, રચવામાં મહેનત અને સમયઃ બંને વધારે લાગે છે. તેને તોડવામાં - જમીન દોસ્ત કરવામાં નથી વધારે મહેનત પડતી કે નથી વધારે સમય લાગતો.

નાગાસાકી અને હીરોસીમા બે શહેરને ઊભાં કરવામાં, સજાવવામાં, વિકસાવવામાં કેટલો સમય ગયો ? કદાચ સેંકડો વર્ષની એ મહેનત - પુરુષાર્થ હશે પરંતુ જ્યારે અણુબોમ્બ તેના પર ફેંકવામાં આવ્યો ત્યારે ? માત્ર સાત જ સેકંડમાં તો તહસ - નહસ થઈ ગયાં ! નામોનિશાન ન રહ્યાં !! આવી નિર્માણ - વિનાશની વાતો ઈતિહાસનાં પાનાંઓમાં ઘણી અંકિત થઈ છે.

કોઈ પણ શિક્ષણની વાત કરીએ તો સૌ પ્રથમ ભાષાજ્ઞાન નહીં, અક્ષર જ્ઞાન જરૂરી ગણાય છે. અક્ષરમાં મુખ્યત્વે આંકડા અને કક્કો - બારાખડી આવે છે. આ અક્ષરજ્ઞાન ન હોય તો આગળનું કોઈપણ શિક્ષણ આપી - લઈ શકાતું નથી. આ શિક્ષણનો પાયો છે. રસોઈની વાત કરીએ તો સૌ પ્રથમ અનાજ - શાકભાજી મરી - મસાલાની ઓળખ - એનાં નામો વગેરેનો પરિચય જરૂરી છે. આ તેનો પાયો છે મતલબ તો એ થયો કે દરેક વિષયમાં પાયો અનિવાર્ય અને આવશ્યક ગણાય છે. એના વગર તે તે વિષયમાં પ્રગતિ કે સફળતા (સિદ્ધિ) શક્ય નથી.



અધ્યાત્મની દિશામાં સિદ્ધિનો પાયો વિનય ગણાય છે. વિનયના પાયા વગર સિદ્ધિ સંભવિત નથી. માનવને ઊભા રહેવા માટે પગ મજબૂત જોઈએ. મકાનને ઊભું રાખવા માટે પાયો મજબૂત જોઈએ. વૃક્ષને વાવાઝોડાદિ સામે ટકી રહેવા - ઊભા રહેવા માટે મૂળ મજબૂત જોઈએ. ગાડીને ચાલવા - ઊભા રહેવા માટે ટાયર - પૈંડા મજબૂત જોઈએ. ખાટલા - પલંગને પણ ટકવા - ભાર ઝીલવા પાયા મજબૂત હોવા જરૂરી ગણાય છે. ખેલ-કૂદ દોડ વગેરે રમતોમાંય પગની મજબૂતાઈ અનિવાર્ય છે. જાનવરના પગ મજબૂત ન હોય તો તે ચાલવામાંય સક્ષમ ન રહે... ભાર વહન કરવાની વાત તો ગણી દૂર છે. એટલે કે બળદ - હાથી - ઘોડા વગેરેના પગમાં ગરબડ થાય તો તે ન ચાલી શકે, ન ભાર વહી શકે ! આ જ રીતે વિચારીએ તો અધ્યાત્મના ક્ષેત્રમાં ઊભા રહેવું હોય, દોડવું હોય.. ટકવું હોય... તો વિનયની મજબૂતાઈ અનિવાર્ય અને અતિ આવશ્યક છે. વિનયનો પાયો ઢીલો પડી જાય કે એ પાયામાં અવિનયની 'સુરંગ' મૂકાઈ જાય તો પળવારમાં અધ્યાત્મનો વિનાશ સર્જાય છે ! એ ઈમારત ઊભી કરવા માટે ફરી પાયો ભરવાની ક્રિયાથી પ્રારંભ કરવો પડે છે. નવેસરથી એકડો ઘૂંટવો પડે છે.

વિનય આવ્યા પછી એક - એક ગુણોની વૃદ્ધિ થવા લાગે છે. આત્મોન્નતિનાં એક એક સોપાન જીવ ચઢવા લાગે છે. ક્રમશઃ જ્ઞાનાદિ ગુણો અને એનાં ફળસ્વરૂપ ચારિત્રાદિ ગુણોનો લાભ થતો જાય છે. ચારિત્ર-તપાદિ આવવાના કારણે જીવ મુક્તિ તરફ - અકર્મા બનવા તરફ આગળ વધે છે. પરિણામે સંસારનો સમૂલ નાશ થાય છે.

આપણે ગતાંકોમાં જે લેખો વાંચ્યાં... તેમાં કહેલી વાતોને એક વાર સંક્ષેપમાં યાદ કરી લઈએ, જેથી અનુસંધાન જળવાશે, સ્વાધ્યાય - પુનરાવર્તન થઈ જશે, કાર્ય-કારણ ભાવ મગજમાં વ્યવસ્થિત ગોઠવાઈ જશે.

વિનયનો પાયો તૈયાર થયા પછી શ્રવણની ઈચ્છા (શુશ્રૂષા) પેદા થાય છે. શુશ્રૂષાથી શ્રુતજ્ઞાન પ્રાપ્ત થાય છે. જ્ઞાનનું ફળ વિરતિ છે. વિરતિના ફળ તરીકે સંવરભાવ આવે છે. સંવરથી તપ અને તપથી નિર્જરાનો લાભ થાય છે. આટલી વાત આપણે વિચારી ગયા છીએ. નિર્જરાના પરિણામે શું પ્રાપ્ત થાય, તે હવે વિચારીએ.

શાસ્ત્રકાર ભગવંત કહે છે. નિર્જરાથી ક્રિયાનિવૃત્તિ આવે છે. મતલબ, અક્રિયત્વ-ક્રિયારહિત અવસ્થાની પ્રાપ્તિ થાય છે. ક્રિયા હંમેશા મન-વચન-કાયાઃ આ ત્રણથી થાય છે. એમાં કાયાથી થતી ક્રિયા સૌથી ઓછી છે. વચનની પ્રવૃત્તિ તેના કરતાં વધારે થાય છે. જ્યારે સૌથી વધારે ક્રિયા મનથી થાય છે. મનની ગતિ ખૂબ શીઘ્ર - ઝડપી છે. વચન - કાયા તેટલાં ઝડપથી કાર્ય કરી શકતાં નથી.

જીવ તમામ કર્મોનો ભોગવટો સમયે-સમયે કરતો હોવાથી નિર્જરા તો ચાલું જ હોય છે. અહીં નિર્જરાથી સક્રિયત્વની વાત જણાવી છે. મતલબ, હવે આ નિર્જરા રોજિંદી નિર્જરા નથી. વિશેષ નિર્જરાની અહીં વાત છે. વિશેષનિર્જરા થાય ત્યારે જ ક્રિયાનિવૃત્તિ સુધી પહોંચી શકાય, ક્રિયારહિત અવસ્થા પ્રાપ્ત થાય. આ અવસ્થા શુક્લધ્યાનને સૂચિત કરે છે. એ શુક્લધ્યાન કેવલજ્ઞાન અને અયોગી અવસ્થાનું કારણ બને છે. મતલબ તો એ થયો કે સયોગી (૧૩ મું) - અયોગી (૧૪ મું) ગુણ સ્થાનકે જીવ પહોંચી જાય છે. યોગનિરોધ (મન-વચન-કાયાની પ્રવૃત્તિનો નિરોધ) થવાથી સંસારનો - ભવભ્રમણનો અંત થાય છે. સંસારનો અંત થવાથી મોક્ષ - મુક્તિ થાય છે.

તત્ત્વાર્થસૂત્રમાં ભગવાન શ્રી ઉમાસ્વાતિજી મ.સમસ્ત મોક્ષની પ્રક્રિયાનાં દર્શન કરાવે છે. પહેલાં જ અધ્યાયમાં તેઓ 'જ્ઞાન-દર્શન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' કહી મોક્ષનો રસ્તો બતાવે છે. પાંચમા અધ્યાયમાં દ્રવ્યાનુયોગની વાતો કરી આગળના અધ્યાયોમાં કર્મબંધ - કર્મનિર્જરાની વાતો કરતાં છેલ્લા ૧૦ મા અધ્યાયમાં 'કૃત્સ્નકર્મક્ષયો મોક્ષઃ' એમ કહીને સંપૂર્ણ કર્મરહિત થવાથી જ મુક્તિ થાય છે - એમ જણાવે છે.

ફલિત એ થાય છે કે - આત્માના તમામ કલ્યાણનું ભાજન જો કોઈ હોય તો 'વિનય' છે. વિનયના મજબૂત પાયા પર જ મુક્તિ સુધીની - સિદ્ધિ પ્રાપ્ત કરવા સુધીની ઈમારત ઊભી કરાય છે અથવા એ ઈમારતનું શિખર સર કરી શકાય છે. તળેટીથી ટોચની યાત્રાનો પ્રારંભ વિનયથી થાય છે. પૂર્ણતા સિદ્ધિ-મુક્તિએ થાય છે.

એ અપેક્ષાએ એમ કહી શકાય કે વિનય પણ મોક્ષનો માર્ગ છે. વિનયથી



પણ મુક્તિ મેળવી શકાય છે.વિનય પણ મોક્ષ પ્રાપ્ત કરવાના અસંખ્ય યોગો પૈકીનો એક યોગ છે. એક એક યોગથી આજ સુધીમાં અનંત અનંત જીવો મોક્ષમાં પહોંચ્યા છે.

'વિણઓ સાસણે મૂલં' કહી વિનયને મૂળભૂત ગુણ ગણાવ્યો છે. સામાન્ય માનવોમાં રાજકુલનો - યુવરાજનો વિનય વખણાય છે. તેના કરતાં લોકોત્તર શાસનમાં ઉપાધ્યાયનો વિનય સર્વોત્તમ ગણાય છે. ઉપાધ્યાય ભગવંતો આચાર્ય ભગવંતનો સર્વશ્રેષ્ઠ વિનય કરે છે. તેનાથી ઘણા જીવોને વિનય શીખવા મળે છે.

શ્રીમહાવીરપ્રભુના પ્રથમ શિષ્ય ઈન્દ્રભૂતિજી ગૌતમસ્વામીનો વિનય તો શાસ્ત્ર - જગપ્રસિદ્ધ છે. આટલા મોટા હોવા છતાં, આટલી પદવીને પામેલા હોવા છતાં, પચાસ હજાર કેવલી શિષ્યોના ગુરુપદને શોભાવનારા હોવા છતાં ભગવાનનો કેવો વિનય કરતા હતા ? જેટલા અભિમાનથી અક્કડ થઈને આવ્યા હતા તેના કરતાં અનેકગણા નમ્ર બનીને આજીવન રહ્યા ! બાળકની જેમ વિનીત થઈને પ્રભુના ચરણોપાયક બન્યા !

વિનયથી ઘણાનાં દિલ જીતી શકાય છે. વિનય એ તો સર્વજીવોને આકર્ષવાનું સાધન છે, વશીકરણનો મંત્ર છે. લૌકિક-લોકોત્તરઃ બંને ક્ષેત્રોમાં એને વિશેષ સ્થાન આપવમાં આવ્યું છે. એમાંય જ્ઞાનના ક્ષેત્રમાં તો એ વિશેષ જરૂરી છે. વિનીત જીવ કોને પ્રિય નથી હોતો ? અવિનીત જીવ (અવિનયવાળું વર્તન) કોને પ્રિય થઈ શકે?

ભૂલ થયા પછી એ ભૂલનો વિનયપૂર્વક સ્વીકાર કરવામાં આવે તો માફી જલદી મળી જાય છે. આ રીતે વિચારવામાં આવે તો વિનય ઘણા ગુણોને લાવનાર છે. ગુણસંપત્તિનું કારણ છે. ગુણસંપ્રાપ્તિનું પણ કારણ છે. ધ

## ★ લઘુકથા ★★★

- ધર્મદૂત

**સત્યઘટના**

શ્રી અરિહંતના શાસનમાં પૂ.ગુરુભગવંતોનાં પ્રવચન - પીયૂષનું પાન કરતાં

ક્યારેક એવો વિચાર આવી જાય.. (હકીકતમાં ન જ આવવો જોઈને) કે શું આ વાત સાચી હશે ? આવું બને ખરું ? પરંતુ એટલું જ સમજવાનું કે - દરેક કાળે આવી ઘટનાઓનું પુનરાવર્તન પણ થતું જ હોય છે. શ્રીવીતરાગ - પરમાત્માના શાસનમાં આવી સત્ય ઘટનાઓનો તોટો નથી. કંઈક દુઃસંભવ કે આશ્ચર્ય ઉપજાવનારી ઘટનાઓ બનતી જ હોય છે. આવા વિરલ જીવોય દરેક કાળમાં અવતરતા હોય છે.

પ્રથમ એક જૂની-પ્રાચીન ઘટના જોઈ લઈએ, જેનું પુનરાવર્તન વર્તમાન કાળમાં થતું જોવા મળે છે.

એક તત્ત્વરસિક શેઠ (શ્રાવક) રોજ પ્રવચનમાં નિયમિત આવતા. એટલું નહીં, મંગલાચરણ પૂર્વે જ હાજર થઈ જતા. પ્રવચન - જિનવાણી શ્રવણની આ જ સાચી પ્રથા - વિધિ છે. તત્ત્વના પ્રેમી હોવા સાથે એ ભાગ્યશાળી તત્ત્વને જીવનમાં જીવનારા - ઉતારનારા - પચાવનારા હતા. સમયસર આવનારા ભાગ્યશાળી એક દિવસ પ્રવચનમાં મોડા આવ્યા. પ્રવચન પૂર્ણ થયા બાદ પૂ.ગુરુભગવંતે એ ભાગ્યશાળીને પૂછયુંઃ કોઈ દિવસ નહીં ને આજે કેમ મોડા ? કેટલાક શ્રોતાઓની સાંભળવાની - યાદ રાખવા વગેરેની રીતના કારણે, તત્ત્વજિજ્ઞાસાના માધ્યમથી પ્રશ્ન ઉઠાવવાની ખાસિયતના કારણે એ શ્રોતાઓ વક્તાના ધ્યાન બહાર નથી હોતા. એ શ્રોતાઓના કારણે વ્યાખ્યાન જામે છે. ગુરુભગવંત પણ અનેક શાસ્ત્રની પંક્તિઓનાં માધ્યમથી સમાધાન આપતા હોવાથી શ્રોતાઓનો અને પ્રશ્ન કરનારનો રસ જળવાઈ રહે છે અથવા વૃદ્ધિ પામે છે. તત્ત્વને ઝીલનારો વર્ગ હોવાથી વક્તાને નવો નવો માલ (તત્ત્વ) બતાવવા - આપવાનો રસ વધે છે. પૂ.ગુરુભગવંતને જવાબ આપતાં એ શેઠે કહ્યું. ભગવંત ! ઘરે મહેમાન આવ્યા હતા તેમને વળાવવા ગયો હતો, તેમાં મોડું થઈ ગયું ! બાજુમાં રહેલા શ્રાવકે પૂ.ગુરુભગવંતને પૂછયુંઃ ગુરુદેવ! મહેમાન એટલે આપ સમજ્યા ? મહેમાન એટલે બીજા કોઈ સગા - સ્નેહીની વાત નથી.... પોતાનો એકનો એક પુત્ર ગુજરી ગયો... તેની ઉત્તરક્રિયામાં રોકાવાના કારણે મોડા પડ્યા... એ પુત્રને સ્મશાને વળાવવા ગયા હતા ! તત્ત્વ કેવું પચાવ્યું હોય, સંસારના સ્વરૂપને, સંયોગ - વિયોગના સ્વરૂપને કેવું ઓળખ્યું હોય ? સુખ



- દુઃખને પચાવવાની કેવી કળા આત્મસાત્ કરી હોય ત્યારે આવી વાત મોંઢામાંથી; આવા શબ્દોમાં નીકળે ?

પાંચ-પચ્ચીસ હજારનું નુકશાન થઈ ગયું હોય, જે આગળ-પાછળ ભરપાઈ થઈ જવાનું હોય... તોય જીવ કેટલા ક્લેશ - સંક્લેશવાળો બની ક્લિષ્ટ કર્મ બાંધતો હોય... ત્યાં વળી જે ક્યારેય પાછો નથી જ આવવાનો.. નુકશાન ક્યારેય ભરપાઈ નથી થવાનું ... આવી સ્થિતિમાં આવા આઘાતને પચાવવાનું સામર્થ્ય ક્યાંથી પ્રગટ્યું ? બીજી રીતે વિચારીએ તો આવા જિનવાણીના શ્રવણ વગર આ સામર્થ્ય ક્યાંથી પ્રગટે ? ધર્મ જ આવાં દુઃખોને પચાવવાની ક્ષમતા આપે છે. જીવનમાં ધર્મની સમજણ ન હોય, જિનવાણી શ્રવણના કે શાસ્ત્રસ્વાધ્યાયના માધ્યમથી સંસારની વાસ્તવિકતાનો તાગ ન મેળવ્યો હોય... શાસ્ત્રવચનોની અને ધર્મની હૈયામાં પ્રતિષ્ઠા ન થઈ હોય તો આવી માનસિક પીડાને સહેવાનું અને સ્વસ્થ રહીને ધર્મધ્યાનમાં સ્થિર થવાનું (દુર્ધ્યાનથી બચવાનું) કાર્ય સંભવિત ન બની શકે!

ધર્મ કેવો - કેટલો જરૂરી છે, તે આ દાખના ઉપરથી સમજાય છે. જિનવાણીનું નિયમિત શ્રવણ અને તત્ત્વ - શાસ્ત્રનો સ્વાધ્યાય ડગલે ને પગલે જીવનમાં કેવો ઉપયોગી થાય છે, તેનો પરિચય થાય છે. તત્ત્વરુચિ, તત્ત્વશ્રવણ, તત્ત્વચિંતન, તત્ત્વ - શાસ્ત્રનો (૧૬ ભાવનામાંથી) સહાસો લેવો, કઈ ભાવના ભાવવાથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી બચી શકાય છે ? ધર્મધ્યાનનાં સોપાન કઈ રીતે ચઢી શકાય છે ? તેની કળા હસ્તગત થાય છે. આ ભાવનાઓ જ જીવને શાંતિ - સમાધિ પ્રદાન કરે છે. અરે ! આ જ ભાવનાઓ કેવળજ્ઞાન સુધી પહોંચાડવાનું અદ્ભુત સામર્થ્ય ધરાવે છે. મુખ્યત્વે મનને માર્ગસ્થ રાખવાનું કાર્ય કરે છે. મન ઉપર નિયંત્રણ આવતાં આખી બાજી જીતમાં પલટાય છે. ભમતાં ભૂતની ચોટી હાથમાં આવી જાય તો બાકીનાં બધાને કાબૂમાં લેતાં ઝાઝો સમય કે શ્રમ લાગતો નથી !

ભૂતકાળની આ ઘટનાનું પુનરાવર્તન નજીકના ભૂતકાળમાં જોવા મળેલું, તે અહીં રજૂ થાય છે.

જૈન સંગીતકારોમાં જેમનું નામ ૨૧ મી સદીમાં આગળની હરોળમાં ગણાતું હતું, તેમાંય અંજનશલાકાના સ્ટેજ પ્રોગ્રામની વાત આવે ત્યાં તો તેમનો જ ચહેરો આગળ આવીને ઊભો થઈ જાય તેવા ગજાનનભાઈ ઠાકુરની આ વાત છે. તેમના મોટાભાઈ હીરાભાઈ ઠાકુર પણ શાસ્ત્રીયરાગમાં પૂજા ભણાવવામાં માસ્ટરી ધરાવતા હતા. અંજનશલાકાના સ્ટેજ પ્રોગ્રામમાં શરૂઆતમાં ગીતો પણ આ ગજાનનભાઈનાં બનાવેલાં જ ગવાતાં હતાં. તે સમયે આવા સંગીતકારો આંગળીના વેઢાય પૂરા ન થાય તેટલા જ હતા. આજે તો સુકાળ થઈ ગયો છે. અલબત્ત, આજે કેટલાક સંગીતકારોએ તો ભક્તિને પણ વ્યવસાય બનાવી દીધો છે. આટલા મોંઘા સંગીતકારો બધાને ક્યાંથી પોષાય ? સંગીતકારને તો એ ભાવ હોવા જોઈએ કે - મારે ભક્તિના પૈસા ન લેવાય... મારી મજબૂરી છે કે લેવા પડે છે - પરંતુ ભક્તિની કેટલી ઉત્તમ તક મળે છે. તીર્થંકરનામ કર્મ ઉપાર્જન કરાવનારી ભક્તિને વેચવી પડે તે મારા માટે શરમજનક છે ! ભક્તિથી ઊભા થતાં પુણ્ય સામે હજારો - લાખો રૂપિયાની કિંમત શું છે ? શાસ્ત્રકાર નોંધે છે : 'અણંતં ગીયવાઈએ' ગીત-વાજિંત્રથી કરાતી ભક્તિનું ફળ અનંત છે. પહેલાં ગામના ભાવિકો જ પૂજાદિ ભણાવતા. ભક્તિમાં ઝૂમતા - ઝુમાવતા એકતાન બની જતા. પછી મંડળો આવ્યાં. તેમાં કેટલાક પૈસા લેતાં... તો કેટલાક પૈસાની અપેક્ષા વગર જ આવતા. આજકાલ બહેનોનાં મંડળો ચાલે છે. ભક્તિ તેઓને સોંપાઈ ગઈ. પૈસા વગર તેઓ ભક્તિ નથી કરતાં. વળી, એ પૈસા મંડળના નામથી ટીપ વગેરેમાં લખાવી પોતાનાં નામથી દાન કરે છે. (સંગીતનાં સાધન લાવે ત્યાં સુધી ઠીક છે) બાકી આ પદ્ધતિ યોગ્ય જણાતી નથી. ખેર ! પ્રાસંગિક આટલી વાત જણાવી.

મુંબઈ - ઘાટકોપર સંઘાણી એસ્ટેટમાં અંજનશલાકા - પ્રતિષ્ઠાનો પ્રસંગ હતો. સંગીતકાર તરીકે શ્રીગજાનનભાઈ ઠાકુરને અમદાવાદથી આમંત્રિત કરાયા હતા. પરિવાર સાથે તેઓ આવ્યા હતા. મહોત્સવના ત્રીજા દિવસે તેમના નાના આઠ વર્ષના સુપુત્ર અનિલને અચાનક ઝાડા-ઊલટી થયાં. સર્વોદય હોસ્પિટલમાં તેને દાખલ કરવામાં આવ્યો. સંઘ ખડે પગે હાજર હતો. તેને સારું થાય તે માટે



તમામ પ્રયત્નો કર્યા. ડોક્ટર્સની ટીમે પણ પૂરી કાળજી સાથે ટ્રીટમેન્ટ - સારવાર કરી. પરંતુ તૂટી તેની બૂટી નહીં.. આયુષ્યની દોરી તૂટે છે ત્યારે તેને કોઈ સાંધી શકતું નથી. તે ન્યાયે ભવિતવ્યતાને જે મંજૂર હતું તે જ થઈને રહ્યું. એ બાળક ન બચ્યો. યમરાજે તેને ઉઠાવી લીધો... એક નાના બાળક પર માતા-પિતાને કેવું હેત અને વાત્સલ્ય હોય તે કોણ નથી જાણતું ? નાની કુમળી કળી જેવા બાળકનો વિરહ કેવો દુઃસહ હોય છે, તે સૌ કોઈ જાણે છે. નાના હસતા - ખીલતા ગુલાબ જેવા બાળક માટે મા-બાપે કેવાં કેવાં સ્વપ્નાં સેવ્યાં હોય... તે જ્યારે પત્તાના મહેલની જેમ તૂટી પડે ત્યારે કેવો આઘાત થાય ? એ વેદના, જીવતાં દિલના કેવા ટુકડા કરી નાંખે ? નાજુક કાચ - જેવી દિવાલોને કેવી ભેદી નાખે ? એ સમયની માનસિક વેદના જીવનને હત - પ્રહત કરી નાખે છે. આશાના મિનારાઓને ચૂર-ચૂર કરી નાખે છે. જીવો હતાશાનો ભોગ બને છે.

આવા શોકના સાગરમાં ડૂબાડનારા પ્રસંગને આ જિનભક્ત સંગીતકારે કેવો હળવાશથી લીધો ? રાતના લગભગ ૧-૩૦ કલાકે જ્યારે એ અનિલે છેલ્લો દમ તોડ્યો... ત્યારે વાતાવરણમાં ગમગીનતા હતી. કઠણ પત્થરને પીગળાવી દે એવી પરિસ્થિતિને પચાવવાનું સામર્થ્ય આ ગજાનનભાઈમાં ક્યાંથી આવ્યું ? કહેવું જ પડે કે પરમાત્મભક્તિનો જ આ પ્રભાવ-પ્રતાપ હતો. આને કહેવાય કે ભક્તિને પચાવી છે. તેના જ પ્રભાવે આવા આઘાતને સરળતાથી પચાવી શક્યા. પોતાની અને સંઘની ભક્તિમાં ક્યાંય કચાશ ન આવે, ખલેલ ન પહોંચે તે માટે રાતના જ પુત્રનો અગ્નિસંસ્કાર કરીને સવારે સમયસર અંજનશલાકાના પ્રોગ્રામમાં હાજર થઈ ગયા ! ભક્તિની એવી રમઝટ મચાવી કે કોઈને ગંધ પણ ન આવે કે ગજાનનભાઈના જીવનમાં એક કારમી વેદનાનો પ્રવેશ થયો હતો।

પ્રભુશાસનને પામેલો એક આત્મા કેવી શક્તિ પ્રાપ્ત કરી શકે છે, એ આ પ્રસંગને આધારે વિચારી શકાય છે. જિનભક્તિમાંથી આ તાકાત મળે તો તત્ત્વને પચાવનારો જીવ જગતનાં તમામ દુઃખો, દર્દો - પ્રતિકૂળતાને પચાવી શકે છે.

આપત્તિ ને આફતોમાં એ અડગ રહી શકે છે. ધર્મધ્યાનમાં સ્થિર રહી શકે છે. સ્થિતપ્રજ્ઞ બની શકે છે. તત્ત્વરમણતા આવ્યા બાદ દુનિયાની કોઈપણ શક્તિ તે જીવને હચમચાવી શકતી નથી.

ભક્તિ કરતાં વૈરાગ્યની શક્તિ વધારે હોય છે. વૈરાગ્ય કરતાં તત્ત્વરમણતામાં અદ્ભુત સામાર્થ્ય હોય છે. તત્ત્વરમણતાનું અલૌકિક બળ અને અપૂર્વ શક્તિ દુનિયાની - પૌદ્ગલિક તમામ પરિસ્થિતિને પાર કરી શકે એવું સામર્થ્ય ધરાવે છે. આપણે પણ આવું અદ્ભુત - અલૌકિક સામર્થ્ય પ્રાપ્ત કરી, પૌદ્ગલિક અને કાર્મિક તમામ શક્તિઓને હરાવી વિજયની વરમાળા વરીએ; એ જ મંગલ કામના.

## ★ પત્ર પ્રેરણા ★★★

**શ્રીકાલ હસ્તી**

તા.૨૧-૨-૨૦૨૦

**આચાર્યવિજયભવ્યદર્શનસૂરિ તરફથી,**

મુમુક્ષ ભવ્યાત્મા સુશ્રાવક સંયમકુમાર યોગ્ય ધર્મલાભ. દેવ-ગુરુ પસાયે સુખશાતા છે. હમણાં તારા તરફથી કોઈ સમાચાર નથી. રૂબરૂ મળવા આવવાનું હતું. તે માટે શું કર્યું ?

પુણ્યના ઉદયથી તને ઘણી ઘણી અનુકૂળ સામગ્રી પણ મળી છે. સાથે જૈન શાસનના સૂક્ષ્મ પદાર્થોને સમજવા માટે મતિજ્ઞાનાવરણીયકર્મનો વિશેષ ક્ષયોયશમ પણ મળ્યો છે. આ બુદ્ધિનો સદુપયોગ કરી જૈનશાસનના શ્રુતજ્ઞાનમાં આગળ વધવાનું છે. આ શ્રુતજ્ઞાન તો કેવળજ્ઞાનની ચાવી છે. શ્રુતજ્ઞાન મતિજ્ઞાન વિના સંભવતું નથી. માટે જ તત્ત્વાર્થસૂત્રમાં ભગવાન ઉમાસ્વાતિજી મ. લખે છે; 'શ્રુતં મતિપૂર્વમ્' અર્થાત્ મતિજ્ઞાનના આધારે શ્રુતજ્ઞાન થાય છે. બંનેના સાહચાર્યભાવથી કાર્ય સરળ બને છે. તારા મતિજ્ઞાનનો તથા બુદ્ધિનો ઉપયોગ; શ્રીતીર્થંકરભગવંત દ્વારા ત્રિપદી પામી, ગણધરભગવંતોએ રચેલી દ્વાદશોગી તથા તેના આધારે રચાયેલા મૌલિક ગ્રંથોના અધ્યયન - અધ્યાપનમાં થવો જોઈએ; તો જ એની સફળતા છે.



મિથ્યાજ્ઞાનની પ્રાપ્તિમાં એનો ઉપયોગ થાય તો ભાવિમાં આવો ક્ષયોપશમ નહીં મળે.

સંસારના એક ભવના કે થોડાં વર્ષોના લાભની વિચારણા કરીને ભવિષ્ય બગાડીશ નહિ. શરીરના સગા-વ્હાલાં તો મિથ્યાત્વયુક્ત શ્રુતમાં રાજી થશે. એમાં આત્માનું શું થશે ? સંસાર એક ભવનો નથી. અનંતા ભવો તો થઈ ચૂક્યા હવે ભવભ્રમણ અટકાવવાના કાર્યમાં પુરુષાર્થ કરવાનો છે. એ દિશામાં પ્રગતિ કરવાની છે. ઘર - પરિવારથી લઈ દુનિયાના તમામ જીવો તો પોતાના અલ્પકાલીન સ્વાર્થનો જ વિચાર કરશે. તેના પ્રલોભનોમાં આપણે અંજાઈ જવાનું નથી. માનવનો એક ભવ અનેક જન્મોનો નાશ કરવા જેમ સમર્થ છે, તેમ અનેક જન્મ - મરણને વધારવાય સમર્થ છે; તે વાત ખાસ વિચારજે.

જે આત્મા પર રાગનો રંગ લાગ્યો તેની હાલત કેવી થઈ ? સામે પક્ષે વૈરાગ્યના રંગે આત્માને રંગનાર ભાગ્યશાળી કેવા અનંતસુખના સ્વામી બનવા સુધી પહોંચી ગયા ? બંને પ્રકારનાં દૃષ્ટાંતો શાસ્ત્રનાં પાને પાને જોવા મળે છે. રાગી જીવોની જે હાલત થઈ તેનું વર્ણન સાંભળતાંય કંપારી છૂટે તેને છે ખુદના જીવનમાં અનુભવવાનું ાવે ત્યારે તો શું થાય ? કરુણાસાગર ભગવાન સિવાય કોણ આવી વાત કરે ? નિઃસ્વાર્થ-નિરંજન-વીતરાગ ભગવાન જ આવો ઉપકાર કરે છે. બાકી પ્રેમની વાતો કરનારા જીવોની પરીક્ષા કરીએ તો કેટલા પાસ થાય છે, તે ખબર પડે. અવસરે મોં ફેરવીને બેસી જાય છે, દૂર ચાલ્યા જાય છે. દૂધ-પાણીના અંતરની ખબર પડી જાય છે. સુફિયાણી વાતો કરનારા જ ફસાવી દે છે.

પ્રેમની પુતળી ગણાતી સૂર્યકાંતા રાણીએ જ પોતાના પતિ પ્રદેશીરાજાને ઝેર પીવડાવી મૃત્યુને હવાલે કરી દીધા ! આવાં તો સેંકડો - હજારો દૃષ્ટાંતો મળે છે. શરીરના સંબંધો સ્વાર્થી હોય છે. આત્માના સંબંધો નિઃસ્વાર્થ હોય છે.

વિશેષ તારો જવાબ આવ્યા બાદ.

**દ. આવિ.ભવ્યદર્શનસૂરિના ધર્મલાભ**

# ★ અનુમોદનાનો અમૃતથાળ ★★★

- સંકલન

પૂજ્યપાદ વિશદવ્યાખ્યાનકાર, આગમ-શિલ્પ-વિધિવિધાન વિશારદ આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ ઠા.૨ તથા પ્ર.પૂ.સાધ્વીજી શ્રી ભદ્રિકાશ્રીજી મ.આદિ ઠાણાં-૪ મદ્રાસથી કર્ણાટક તરફ પધારી રહ્યાં હતાં. કર્ણાટકની હદ લગભગ ૧૦૦ કિ.મી. દૂર હતી ને કોરોના મહામારીના કારણે લોકડાઉન-૧ ના કારણે તિરુપાત્તુર ગામમાં રોકાવાનું થયું. ૨૧ દિવસના એ લોકડાઉન બાદ લોકડાઉન-૨-૩-૪ ના યોગે રોકાણમાં વધારો થતો ગયો. તે દરમિયાન કવાડ પરિવારના એક જ ઘરમાં ૩૦-૩૫ સભ્યો હોવાથી ત્યાં વ્યાખ્યાન માટે વિનંતિ થઈ. રોજ પ્રવચનો ત્યાં ચાલું થયાં. ગયા ત્યારે બે ત્રણ દિવસ ઉપાશ્રયમાં પ્રવચનો થયાં હતાં. ત્યારબાદ લોકડાઉનના સરકારી નીતિ-નિયમો અને મહામારીથી બચવાનાં સાવધાનીનાં પગલાં સ્વરૂપે ઉપાશ્રયમાં પ્રવચનાદિ ન થઈ શક્યાં.

તિરુપાત્તુરમાં કવાડ પરિવાર સાધન-સંપન્ન હોવા ઉપરાંત ધાર્મિકભાવના વાળો છે. એ ધાર્ણિકભાવનાને પૂજ્યશ્રીનાં પ્રવચોથી વેગ મળ્યો. ભાવનાને મૂર્તિમંત સ્વરૂપ મળ્યું. અર્થાત્ નાનાં બાળકોથી લઈ વડીલોસુધી તમામ જીવો સકારાત્મક ધર્મમાર્ગે જોડાયા. ઘણાં ઘણાં પાપોથી નિવૃત્તિ લેવાઈ. સામાયિક - સ્વાધ્યાયાદિ ધર્મપ્રવૃત્તિમાં ઊછાળો આવ્યો. એ ઘરમાં રોજ ૧૦૦ થી વધુ સામાયિક રોજ થવાં લાગ્યાં ! રોજ સાંજે લગભગ બધા જ સભ્યો પ્રતિક્રમણ કરવા લાગ્યા. પ્રવચનોના પ્રભાવે ઘણાં પરિવર્તનો થવા લાગ્યાં. રોજ નવા-નવા નિયમો પૂજ્યશ્રી આપતા, તેનાથી જીવન ધર્મ પ્રાણથી ધબકવા લાગ્યાં. પરિવારજનોને પાપપ્રત્યે તિરસ્કારનો ભાવ પેદા થયો. સામાન્યથી  જીવોને દુઃખનો તિરસ્કાર તો હોય જ છે. પરંતુ દુઃખના અનન્ય કારણ સ્વરૂપ પાપપ્રત્યે જુગુપ્સાનો - તિરસ્કારનો ભાવ નથી હોતો! એ પાપભીરુતા પ્રગટાવવાનું ખૂબસુંદર કાર્ય પ્રવચનોનાં માધ્યમથી થયું.

નિત નવું જ્ઞાન મળતાં તે જીવોનો ઉત્સાહ વૃદ્ધિ પામવા લાગ્યો. આગમાદિશાસ્ત્રોના વિવિધ પદાર્થોને સરળ હિંદીમાં પીરસવાનું કાર્ય પૂજ્યશ્રી કરતા રહ્યા. પૂજ્યશ્રીના જ્ઞાન-સ્મરણશક્તિ પ્રત્યે તેઓ નતમસ્તક બની ગયા !



લોકડાઉન આગળ વધવાના કારણે તેઓ ચોમાસું તિરુપાત્તુરમાં જ કરવા માટે આગ્રહ કરવા લાગ્યા. બીજી તરફ મૈસુરની જય બોલાઈ હોવાથી તે સંઘનો પણ અત્યંત આગ્રહ હતો. દબાણ હતું. વારંવારના તે આગ્રહને ધ્યાનમાં લઈ વિહાર કરવાનો નિર્ણય લેવાયો.

બાળકો - ભાઈઓ વગેરેને સૂત્રોનો અભ્યાસ પણ ચાલુ હતો. જનરલ જ્ઞાન પણ અપાતું હતું. જોતજોતામાં ૭૫ દિવસ વીતી ગયા ! સમય ક્યાં પસાર થયો તેનો ખ્યાલ પણ ન આવ્યો. જે. સુ. ૧૨ નો દિવસ આવી પહોંચ્યો. સવારે નિત્યક્રમ મુજબ અખંડધારાથી અભિષેક થયા. પૂજ્યશ્રીએ તિરુપાત્તુરમાં પ્રવેશ કર્યો તેના બીજા દિવસે (ફા.વ.૧ શુક્રવારે પૂજ્યશ્રી પ્રવેશ કર્યો હતો) એટલે કે ફા.વ.૧૨ તા.૨૧-૩-૨૦ શનિવારે અખંડધારાથી અભિષેક ચાલુ થયા. આ સીલસીલો રોજનો થઈ ગયો. રોજ ભિન્ન ભિન્ન પ્રભાવશાળી સ્તોત્રો અને મંત્રોના માધ્યમથી અખંડધારાથી અભિષેક ચાલુ રહ્યા. વિહારના દિવસે પણ સવારે અભિષેક થયા હતા. તે સમયે પૂજ્યશ્રીનો પરિવાર સાથે વિહાર નિર્વિઘ્ને થાય... ગંતવ્યસ્થાને સુખપૂર્વક પહોંચી જાય; એવી ભાવના ઉપસ્થિત ભાવિકોએ ભાવી હતી.

સવારે ૭.૪૦ કલાકે ૨૬ મી ધ્વજા લહેરાઈ પૂજ્યશ્રીએ મંત્રાક્ષરોનાં ઉચ્ચાર કરાવ્યા. ૐ પુણ્યાહં પુણ્યાહં... ના મંગલ - મધુર નાદ સાથે પ્રભુના જિનાલય પર ધ્વજારોહણ થયું. હર્ષ અને આનંદ છવાયો. લોકડાઉનના કારણે સાધર્મિક વાત્સલ્યાદિ ન થઈ શક્યાં.. પૂજ્યશ્રીએ વિહારપૂર્વેનું અંતિમ પ્રવચન ઉપાશ્રયમાં કર્યું. મોટી શાંતિ વગેરે શ્રવણ કરાવ્યું. તે દિવસે ૧૭ ભેદી પૂજા પણ ભણાવાઈ હતી.

પૂજ્યશ્રી સાંજે વિહાર કરી આગળ પધાર્યા. શ્રીસંઘ મોટી સંખ્યામાં વળાવવા માટે આવ્યો હતો. એવું લાગતું હતું કે જાણે સોમાસા પછીનો પ્રથમ વિહાર છે ! ગામમાં ખૂબ જ આત્મિયતા થઈ ગઈ હતી. એનાં સંસ્મરણો વર્ષો સુધી અમીટ રહેશે. ૭૫ દિવસની સ્થિરતા ગામમાં અને ખાસ કરીને કવાડ ફેમિલીમાં કાયા કલ્પનો કાળ સાબિત થયો.

૭૫ દિવસનાં કેટલાંક સંસ્મરણોની વિગત હવે પછી.... (ક્રમશઃ) ધ

# દેવ - ચારિત્ર - દાન - અને પાત્ર

न वीतरागादपरोऽस्ति देवो,

न ब्रह्मचर्यादपरं चरित्रम् ।

नाऽभीतिदानात् परमस्ति दानं,

चारित्रिणो नापरमस्ति पात्रम् ।।

વીતરાગથી ચઢિયાતા જગતમાં કોઈ દેવ નથી. બ્રહ્મચર્યથી ઊંચું કોઈ ચારિત્ર નથી. અભયદાન કરતાં ચઢિયાતું કોઈ દાન નથી અને ચારિત્રધર આત્માથી ઊંચું કોઈ સુપાત્ર નથી.